અપીલ અરજી નં.૧૭૫ તા.૭–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૮–૭–૦૯ ની અરજીથી (૧) વિપુલસિંહ બહાદુરસિંહ વાઘેલા ટીપીએસ–૬, મજુરા, ખટોદરા, ફા.પ્લોટ નં.૩૫૩/પી, સીટી સર્વે નં.૪૦૯/૨૮–એ,બી,સી, ૪૦૯/૨૮–બી અને સી, મુજબના પ્લોટમાં બાંધકામની પરવાનગી તથા ક્ષેત્રફળ અને કાયદેસરતા (૨) સંકેત બેલ્ટીંગની બાજુમાં વિમલ ગારમેન્ટ વાળી ગલીમાં ઉધના ત્રણ રસ્તા સ્થિત આશરે ચાર માળનું બિલ્ડીંગ બની રહયું છે (૩) ભેસ્તાન સ્ટેશન ચાર રસ્તા પાસે આજરા ફર્નીચર સામે મયુર ટીમ્બરની બાજુમાં ટીપી નં.૪૭ પ્લોટ નં.૨૧ માં આશરે ચાર માળ જેટલું મોટું બિલ્ડીંગ બની રહયું છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૭–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૫/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૮–૭–૦૯ ની અરજીથી (૧) વિપુલસિંહ બહાદુરસિંહ વાઘેલા ટીપીએસ–૬, મજુરા, ખટોદરા, ફા.પ્લોટ નં.૩૫૩/પી સીટી સર્વે નં.૪૦૯/૨૮–એ,બી,સી, ૪૦૯/૨૮–બી અને સી, મુજબના પ્લોટમાં બાંધકામની પરવાનગી તથા ક્ષેત્રફળ અને કાયદેસરતા (૨) સંકેત બેલ્ટીંગની બાજુમાં વિમલ ગારમેન્ટ વાળી ગલીમાં ઉધના ત્રણ રસ્તા સ્થિત આશરે ચાર માળનું બિલ્ડીંગ બની રહયું છે (૩) ભેસ્તાન સ્ટેશન ચાર રસ્તા પાસે આજરા ફર્નીચર સામે મયુર ટીમ્બરની બાજુમાં ટીપી નં.૪૭ પ્લોટ નં.૨૧ માં આશરે ચાર માળ જેટલું મોટું બિલ્ડીંગ બની રહયું છે તેની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ના પત્ર નં .ટીડીઓ/૨૧૧૧ તા.૨૦–૮–૦૯ થી મુદ્દા નં.૧ અને ૩ ની મળેલ માહિતી અધૂરી તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તરફથી મુદ્દા નં.૨ નો પ્રત્યુત્તર મળેલ નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૫ તા.૧૧–૯–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.ટીડીઓ/૨૪૯૩ તા.૧૮–૯–૦૯ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જેમાં નોંધ વિભાગ, તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ તથા નં.ટીડીઓ/૨૧૧૧ તા.૨૦–૮–૦૯ થી અરજદારને આપેલ માહિતીની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૮–૭–૦૯ ની અરજીથી ઉપરોકત જણાવેલ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૩ માટે આંનં:૨૮૪૮ તા.૪–૮–૦૯ ના રોજ ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ તરફથી નં.ટીડીઓ/૨૧૧૧ તા.૨૦–૮–૦૯ થી મુદ્દા નં.૧ અને૩ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૭–૯–૦૯ ના રોજ મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી અધૂરી છે પરંતુ તે બાબતે વાજબીપણું કે આધાર રજૂ કરેલ નથી. તથા મુદ્દા નં.૨ ની માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં (૧) વિપુલસિંહ બહાદુરસિંહ વાઘેલા ટીપીએસ–૬, મજુરા, ખટોદરા, ફા.પ્લોટ નં.૩૫૩/પી સીટી સર્વે નં.૪૦૯/૨૮–એ,બી,સી, ૪૦૯/૨૮–બી અને સી, મુજબના પ્લોટમાં બાંધકામની પરવાનગી તથા ક્ષેત્રફળ પાર્કીગ અને પરવાનગી બાબત. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્લોટનો એરિયા ૪૫૫–૭૫ ચોમી. ના પ્લોટમાં કુલ ૬૯૬,૨૭ ચો.મી. ના બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે તથા કુલ ૨૩૨.૩૯ ચો.મી. ના પાર્કીગની જોગવાઈ દર્શાવી ટીડીઓ/ડીપી/૧ તા.૧–૪–૦૯ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. આમ અરજદારને માંગેલ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ( ૩) ભેસ્તાન સ્ટેશન ચાર રસ્તા પાસે આજરા ફર્નીચર સામે મયુર ટીમ્બરની બાજુમાં ટીપી નં.૪૭ પ્લોટ નં.૨૧ માં આશરે ચાર માળ જેટલું મોટું બિલ્ડીંગ બની રહયું છે તેની બાંધકામની પરવાનગી ક્ષેત્રફળ તથા પાર્કીગ વિગેરેની કાયદેસરની માહિતીઓ અંગે ટીપીએસ/૪૭ ભેસ્તાન અને ફા.પ્લોટ ૩૩ પૈકી સબ પ્લોટ નં.૧૮/એ,બી,સી,ડી–૧૯/એ,બી– ૨૦/એ,બી વાળી મિલ્કતમાં ટીડીઓ/ડીપી/૨૧૮ તા.૨૧–૧૦–૦૮ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે સદરહુ મિલ્કતનો પ્લોટ એરીયા ૫૧૬ ચો.મી. તેમજ ૩૨૦.૭૮ ચો.મી. નું પાર્કીગ દર્શાવવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ છે. આમ અરજદારને આ મુદ્દાની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં પરવાનગી ક્ષેત્રફળ તથા હાલની સ્થિતિની માંગણી કરેલ છે. તે સિવાય માંગેલ પ્લોટ નંબરની માહિતી મુદ્દા નં.૧ અને ૩ પૈકી મળેલ નહીં હોવાની કોઈ તકરાર ઉપસ્થિત કરેલ જણાતી નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨ ની માહિતી નહીં મળ્યાની પણ રજૂઆત કરેલ છે. જે અંગે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ અપીલ તબકકે પણ કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

<u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૨ અંગે અરજદારને નહીં પૂરી પાડેલ ઉપલબ્ધ દફતર અનુસાર હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,